

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073



પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

સાપ્તાહિક

તંત્રીઃ પ્રદિપ રાવલ

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

**Gandhinagar Office :** Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-28 ■ અંક-07 ■ તા. 25-2-2024 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


### AAP-કોંગ્રેસ વચ્ચે ડીલ ફાઇનલ

# ગુજરાતમાં ભરૂચ-ભાવનગરમાં AAP લડશે, અહેમદ પટેલ પરિવાર કપાયો; કોંગ્રેસ ૨૪ સીટ પર ચૂંટણી લડશે




ગુજરાતમા I.N.D.I.A ગઠબંધન અને ભાજપ વચ્ચે લોકસભામાં ચૂંટણી જંગ જામશે. કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે બેઠકોની વહેંચણી થઇ ગઇ છે. જેમાં ગુજરાતની ૨૪ બેઠકો પર કોંગ્રેસ અને બે બેઠકો ભરૂચ અને ભાવનગર પર છછઁ લડશે. આ ગઠબંધનમાં ઉડીને આંખે વળગે તેવી વાત એ છે કે એક સમયે કોંગ્રેસ ચલાવતા સ્વ. અહેમદ પટેલના પરિવારના પ્રભૂત્વવાળી ભરૂચ બેઠક છછઁના ફાળે ગઇ છે. ઉલ્લેખનીય છે કે ગઈકાલે જ ફૈઝલ પટેલે દાવો કર્યો હતો કે તેઓ ભરૂચમાંથી ચૂંટણી લડવાના છે અને આજે જ કોંગ્રેસ-છછઁ સાથેની ડીલમાં ફૈઝલનું પત્તું કપાયું છે. તો દિલ્હીમાં ગઠબંધનની જાહેરાત થતા જ ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે આ ગઠબંધનની આંધળા અને લંગડા સાથે સરખામણી કરી દીધી છે. આ સાથે દિલ્હીમાં છછઁ ૪ અને કોંગ્રેસ ૩ સીટ પર ચૂંટણી લડશે. હરિયાણામાં કોંગ્રેસ ૯ અને છછઁ એક સીટ પર ચૂંટણી લડશે. તો ચંદીગઢ સીટ પણ કોંગ્રેસના ફાળે ગઈ છે.

એ જ સમયે કોંગ્રેસ ગોવાની બંને લોકસભા બેઠક પર તેમના ઉમેદવારો ઊભા કરશે. પંજાબ માટે ગઠબંધનની ફોર્મ્યુલા હજુ સુધી નક્કી કરવામાં આવી નથી. શનિવારે, ૨૪ ફેબ્રુઆરીએ કોંગ્રેસ તરફથી મુકુલ વાસનિક અને છછઁ તરફથી સૌરભ ભારદ્વાજ અને આતિશીએ બેઠક વહેંચણીની ઔપચારિક જાહેરાત કરી.આ દરમિયાન કોંગ્રેસના નેતા જયરામ નરેશે કહ્યું, 'યુપીમાં ગઠબંધનની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. એને ફાઈનલ કરવામાં સમય લાગ્યો. આજે આમ આદમી પાર્ટી (છછઁ) અને કોંગ્રેસે પણ ગઠબંધનને લઈને સત્તાવાર જાહેરાત કરી છે.૨૩ ફેબ્રુઆરીના રોજ દિલ્હીમાં છછઁ અને કોંગ્રેસના ભારતીય સભ્યો વચ્ચે બેઠક યોજાઈ હતી. અહેવાલો અનુસાર, બંને પક્ષ દિલ્હીની ૭ લોકસભા બેઠકો માટે ૪-૩ની ફોર્મ્યુલા સાથે બહાર આવ્યા છે. કોંગ્રેસ ત્રણ બેઠક પર ઉમેદવારો ઊભા રાખશે. એમાં ચાંદની ચોક, ઉત્તર પશ્ચિમ અને ઉત્તર-પૂર્વ દિલ્હીની બેઠકોનો સમાવેશ થાય છે.એ જ સમયે છછઁ દિલ્હીની ચાર બેઠક પર તેમના ઉમેદવારો ઊભા કરવાની તૈયારી કરી રહી છે, જેમાં નવી દિલ્હી, સાઉથ દિલ્હી, પશ્ચિમ દિલ્હી અને પૂર્વ દિલ્હી બેઠકોનાં નામ સામેલ છે. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ભાજપે તમામ ૭ બેઠક કબજે કરી હતી.પંજાબમાં ૧૩ લોકસભા સીટો પર કોંગ્રેસ અને છછઁ હજુ પણ સહમત નથી. છછઁ તમામ બેઠકો પર એકલા હાથે ચૂંટણી લડવાના મૂડમાં છે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે પણ ૧૦ ફેબ્રુઆરીએ પંજાબમાં આની જાહેરાત કરી હતી. તેમણે ૨૧ ફેબ્રુઆરીના રોજ કહ્યું હતું - પંજાબમાં એકલા લડવાનો નિર્ણય જીતવા માટે લેવામાં આવ્યો છે.

ઘણી વખત ભાર મૂક્યો છે કે તે I.N.D.I.A. સાથે છે, પરંતુ લોકસભા ચૂંટણી માટે વિવિધ રાજ્યોમાં તેના ઉમેદવારોની જાહેરાત પણ કરી રહી છે. છછઁએ ૮ ફેબ્રુઆરીએ આસામની ત્રણ બેઠક માટે તેના ઉમેદવારોની જાહેરાત કરી હતી.અગાઉ જાન્યુઆરીમાં તેમની ગુજરાત મુલાકાત દરમિયાન કેજરીવાલે ચૈતર વસાવાને રાજ્યની ભરૂચ લોકસભા બેઠક માટે તેમના ઉમેદવાર તરીકે જાહેર કર્યા હતા. પંજાબમાં એકલા હાથે ચૂંટણી લડવાનો નિર્ણય પણ આ પછી આવ્યો છે. કોંગ્રેસના નેતા અહેમદ પટેલ ભરૂચ બેઠક પરથી સાંસદ હતા. તેમનું નિધન થયું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, પટેલનાં પુત્ર અને પુત્રી આ બેઠક પરથી ટિકિટ માગી રહ્યાં છે.અહી ટીએમસીએ આસામમાં ૨ અને મેઘાલયમાં ૧ સીટ માગી, જેને લઈને કોંગ્રેસ અને ટીએમસી વચ્ચે ચર્ચા થઈ રહી છે. કહેવામાં આવી રહ્યું છે કે કોંગ્રેસ મેઘાલયની સીટ આપવા ઈચ્છુક નથી. આસામમાં ૧૪ અને મેઘાલયમાં બે બેઠક છે.બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર પહેલાંથી જ અલગ થઈ ગયા છે. તેઓ I.N.D.I.A.ના સૂત્રધાર હતા. તેમણે જ ભાજપ વિરુદ્ધ તમામ વિપક્ષી પાર્ટીઓને એક કરી હતી.

## ભાજપશાસિત રાજ્યમાં 'મુસ્લિમ મેરેજ એન્ડ ડિવોર્સ એક્ટ' રદ:સરકારે કહ્યું- આનાથી બાળલગ્ન અટકશે

આસામ સરકારે રાજ્યમાં મુસ્લિમ મેરેજ એન્ડ ડિવોર્સ એક્ટ ૧૯૩૫ નાબૂદ કર્યો છે. શુક્રવારે મોડીરાત્રે મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમાની અધ્યક્ષતામાં રાજ્ય કેબિનેટની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. હવે રાજ્યમાં તમામ લગ્ન સ્પેશિયલ મેરેજ એક્ટ હેઠળ થશે.રાજ્ય મંત્રી જયંત મલ્લબારુઆએ તેને યુનિફોર્મ સિવિલ કોડ (ઞઝઞ)ની દિશામાં એક મોટું પગલું ગણાવ્યું છે. તેમણે કહ્યું કે આનાથી રાજ્યમાં થતા બાળ લગ્નો પણ અટકશે.આસામના મુખ્ય પ્રધાન હિમંત બિસ્વા સરમાએ શુક્રવારે મધરાતે ૧૨:૧૧ વાગ્યે મુસ્લિમ મેરેજ એન્ડ ડિવોર્સ એક્ટ ૧૯૩૫ નાબૂદ કરવાની માહિતી આપી હતી.રાજયમંત્રી મલ્લબારુઆએ કહ્યું કે મુખ્યમંત્રીએ કહ્યું કે અમે યુનિફોર્મ સિવિલ કોડ તરફ આગળ વધી રહ્યા છીએ. આ અંગે મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. હવે આસામમાં મુસ્લિમ લગ્ન કે તલાકની નોંધણી થશે નહીં. તેણે વધુમાં કહ્યું કે અમારી પાસે સ્પેશિયલ મેરેજ એક્ટ છે, તેથી અમે ઈચ્છીએ છીએ કે તે એક્ટ દ્વારા તમામ બાબતોનો ઉકેલ આવે.હવે મુસ્લિમ લગ્ન અને તલાકની નોંધણી જિલ્લા કમિશ્નર અને જિલ્લા રજીસ્ટ્રાર દ્વારા કરવામાં આવશે. જે લોકો આ છૂટાછેડા નોંધણી કાયદા હેઠળ કામ કરી રહ્યા હતા તેમને દૂર કરવામાં આવશે અને તેના બદલામાં દરેકને ૨ લાખ રૂપિયાનું વળતર આપવામાં આવશે.ગુવાહાટીના લોકસેવા ભવનમાં શુક્રવારે મોડીરાત્રે મુખ્યમંત્રી



હિમંત બિસ્વા સરમાની અધ્યક્ષતામાં રાજ્ય કેબિનેટની બેઠક યોજાઈ હતી.ઓલ ઈન્ડિયા યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ (ઈૈંઙ્ઘહ્લ)ના વડા મૌલાના બદરુદ્દીન અજમલે સરકારના આ નિર્ણય સામે વાંધો ઉઠાવ્યો છે. તેમણે કહ્યું કે બહુપત્નીત્વ માત્ર મુસ્લિમોમાં જ નથી, પરંતુ અન્ય સમુદાયોમાં પણ છે. માત્ર મુસ્લિમોને નિશાન બનાવવા યોગ્ય નથી.ફેબ્રુઆરી ૨૦૨૩માં મુખ્યમંત્રી સરમાએ કહ્યું હતું કે અમારું વલણ સ્પષ્ટ છે, આસામમાં બાળલગ્નો બંધ થવાં જોઈએ. અમે બાળલગ્ન સામે નવો કાયદો લાવવા અંગે ચર્ચા કરી રહ્યા છીએ. ૨૦૨૬ સુધીમાં, અમે બાળલગ્ન વિરુદ્ધ નવો કાયદો લાવવાનું વિચારી રહ્યા છીએ, જેમાં જેલની સજા બે વર્ષથી વધારીને ૧૦ વર્ષ કરવામાં આવશે.

## ખેડૂતોની દિલ્હી કૂચ ૨૯ ફેબ્રુઆરી સુધી મોકૂફ:હરિયાણામાં સ્થિતિ વણસી, ઈન્ટરનેટ બંધ; પોલીસ ચોકી પર પથ્થરમારો

ખેડૂતોના આંદોલનનો ૧૨મો દિવસ છે. પંજાબના ખેડૂતો શંભુ અને ખનૌરી બોર્ડર પર ઊભા છે. ખેડૂતોએ ૨૯ ફેબ્રુઆરી સુધી દિલ્હી કૂચ કરવાનો નિર્ણય મોકૂફ રાખ્યો છે. શંભુ અને ખનૌરી બોર્ડર પર આજે સાંજે કેન્ડલ માર્ચ યોજાશે.બીજી તરફ, ખનૌરી બોર્ડર પર ભટિંડાના યુવા ખેડૂત શુભકરણના અંતિમ સંસ્કાર હજુ સુધી કરવામાં આવ્યા નથી. પંજાબ સરકારે પરિવારને ૧ કરોડ રૂપિયાનું વળતર અને બહેનને સરકારી નોકરી આપવાની જાહેરાત કરી છે. ખેડૂત સંગઠનો અને પરિવારની માગ છે કે પંજાબ પોલીસ શુભકરણના મૃત્યુના મામલામાં હત્યા માટે એફઆઈઆર નોંધે.એક દિવસ પહેલા શુક્રવારે (૨૩ ફેબ્રુઆરી) હરિયાણામાં ખેડૂતો અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હતું. ખેડૂતો હિસારના નારનોંદથી ખનૌરી બોર્ડર જવા માંગતા હતા. પોલીસે તેમને રોકવા માટે ટીયર ગેસના સેલ છોડ્યા હતા. આ જોઈને ખેડૂતોએ પથ્થરમારો શરૂ કર્યો અને પોલીસે લાઠીચાર્જ કર્યો. આ અથડામણમાં ૨૪ પોલીસકર્મી અને ૧૬ ખેડૂતો ઘાયલ થયા હતા. હિસારમાં હજુ પણ તણાવપૂર્ણ સ્થિતિ છે.શંભુ બોર્ડર પર ખેડૂતો લોખંડની એંગલથી તંબુ બનાવી રહ્યા છે. ખેડૂતોનું કહેવું છે કે આ વખતે તેઓ ટિકરી કે સિંઘુ બોર્ડર સુધી પહોંચી શક્યા નથી, પરંતુ




તેઓ અહીં પડાવ નાખશે. તેઓ ખેડૂત નેતાઓના ફોનની રાહ જોઈ રહ્યા છે. ત્યાંથી સૂચના મળ્યા બાદ અમે દિલ્હી જઈશું.કિસાન મજદૂર યુનિયનના પ્રમુખ મનજીત સિંહ ઘુમાણાએ કહ્યું કે તેઓ કેન્દ્રીય મંત્રીઓ સાથે ફરીથી વાત કરવા તૈયાર છે.

## પાકિસ્તાનમાં ફરી સર્જિકલ સ્ટ્રાઈક, પાડોશી દેશની સેનાએ જૈશ અલ અદલના કમાંડરને ઘૂસીને ઠાર કર્યો



પાકિસ્તાનની એવી હાલત થઇ ગઈ છે કે તે આતંકીઓને ઉછેરવામાં ફસાઈ ગયો છે. પાડોશી દેશો સાથે તેના સંબંધો બગડતાં જઈ રહ્યા છે. તેના પર ફરી એકવાર પાડોશી દેશના સૈન્યએ સર્જિકલ સ્ટ્રાઈક કરી હોવાના અહેવાલથી ખળભળાટ મચી ગયો છે. માહિતી અનુસાર ઈરાની સૈન્ય દળોએ પાકિસ્તાની વિસ્તારમાં ઘૂસીને આતંકવાદી જૂથ જૈશ અલ અદલના કમાન્ડર ઈસ્માઈલ શાહ બક્ષ અને તેના કેટલાક સહયોગીઓને મારી ઠાર કરી દીધાનો દાવો કર્યો છે. આજે વહેલી સવારે ઈરાનના સરકારી મીડિયાના હવાલાથી આ માહિતી મળી હતી. અગાઉ એક મહિના પહેલા પણ ઈરાને પાકિસ્તાની ક્ષેત્રમાં ઘૂસીને જૈશ અલ અદલના ઠેકાણાઓ પર હવાઈ હુમલા કર્યા હતા. જેના જવાબમાં પાકિસ્તાને પણ ઈરાનના વિસ્તારમાં હવાઈ હુમલો કર્યો હતો.અહેવાલ મુજબ, જૈશ અલ અદલ એક સુન્ની ઉગ્રવાદી સંગઠન છે, જેની સ્થાપના ૨૦૧૨માં થઈ હતી. ઈરાને તેને 'આતંકવાદી જૂથ' જાહેર કર્યું છે. આ સંગઠન ઈરાનના દક્ષિણ-પૂર્વ પ્રાંત સિસ્તાન-બલુચિસ્તાનથી ઓપરેટ થાય છે. છેલ્લા કેટલાક વર્ષોમાં જૈશ અલ-અદલે ઈરાની સુરક્ષા દળો પર અનેક હુમલા કર્યા હતા. ગત ડિસેમ્બરમાં, જૈશ અલ-અદલે સિસ્તાન-બલુચિસ્તાનમાં એક પોલીસ સ્ટેશન પર હુમલાની જવાબદારી લીધી હતી, જેમાં ઓછામાં ઓછા ૧૧ પોલીસ કર્મચારીઓના જીવ ગયા હતા.

## અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઓક્સિજન પાર્ક જ 'ઓક્સિજન' હેઠળ, ૧૦ની હાલત બદતર

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના બજેટ સમયે સત્તાધારી પક્ષે શહેરીજનોના હેપીનેસ ઈન્ડેક્સમાં વધારો થાય એ પ્રકારનુ બજેટ હોવાની જાહેરાત કરી હતી.બીજી તરફ શહેરના વિવિધ વિસ્તારમાં આવેલા ઓક્સિજન પાર્ક બદતર હાલતમાં છે.શહેરીજનોને શુધ્ધ હવા મળે એ માટે બનાવવામાં આવેલા ઓક્સિજન પાર્કમાં છાણ પડેલુ હોય તો લોકોની હેપીનેસમાં કેવી રીતે વધારો થાય એમ વિપક્ષે મ્યુનિ.બોર્ડ બેઠકમાં રજૂઆત કરી હતી.હવાના પ્રદૂષણમાં થઈ રહેલા સતત વધારાની વચ્ચે અમદાવાદ મ્યુનિ.ની હદમાં ૧૯ ઓક્સિજન પાર્ક ગાર્ડન વિભાગ દ્વારા ડેવલપ કરવામાં આવેલા છે.



આવા એક પાર્કની પાછળ રૂપિયા છ લાખથી વધુનો ખર્ચ થતો હોય છે. શહેરના લોકો સતત પ્રદૂષિત વાતાવરણમાંથી મુકિત મેળવવા આ ઓકિસજન પાર્કની મુલાકાત લેતા હોય છે.પરંતુ ત્યાં પણ બદતર હાલત જોવા મળે છે.મ્યુનિ.બોર્ડ બેઠકમાં વિપક્ષનેતાએ ઓકિસજન પાર્કની ખરાબ હાલત અંગે રજૂઆત કરતા કહ્યું,નવા વાડજમાં બનાવવામાં આવેલા ઓકિસજન પાર્કમાં તો છાણના ઢગલા પડેલા હોય છે.સાયન્સ સિટી વિસ્તારમાં બનાવવામાં આવેલો ઓકિસજન પાર્ક મેદાનમાં ફેરવાઈ ગયો છે.ઓકિસજન પાર્ક તૈયાર કરાવવા પાછળ લાખો રુપિયાનો ખર્ચ કરવામાં આવ્યા બાદ પણ પ્રદૂષિત હવા જ મળવાની હોય તો એનો શુ અર્થ એવી રજૂઆત કરાતા રિક્રીએશન કમિટિના ચેરમેન વિભાગમાં બચાવનો પ્રયાસ કર્યો હતો. શહેરના તળાવને ઈન્ટર લિંક કરવાની કાર્યવાહી પણ કાગળ ઉપર કરવામાં આવી હોવાનો બેઠકમાં આક્ષેપ કરાયો હતો.અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ગાર્ડન વિભાગ તરફથી વિવિધ વિસ્તારમાં ઓકિસજન પાર્ક બનાવવા લાખો રુપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે.

## તંત્રી લેખ......

# બેંકોનો થાપણ પ્રવાહ ઈક્વિટી તરફ વળ્યો

એક તરફ લિક્વિડિટીની ખેંચ અને બીજી બાજુ શેરબજારોમાં રેલીએ દેશની બેન્કોમાં થાપણ પ્રવાહ ઘટાડી દીધો છે જેને પગલે બેન્કો માટે સ્થિતિ પડકારરૂપ બનતી જાય છે. બચતકારો પોતાની બચત બેન્ક થાપણોમાં મૂકવાને બદલે હાલમાં ઊંચા વળતર પૂરી પાડતી ઈક્વિટીઝ માર્કેટસ તરફ વાળી રહ્યા છે. પોતાની બચતોને બેન્કના સેવિંગ ખાતા અથવા ફિક્સ્ડ ડિપોઝિટસમાં મૂકવાને બદલે બચતકારો તેને મ્યુચ્યુઅલ ફન્ડસની સ્કીમ્સ મારફત ઈક્વિટીઝ જેવા ઊંચા વળતર આપતા સાધનોમાં રોકી રહ્યાનું બેન્કિંગ સુત્રોએ જણાવ્યું હતું.ટેકનોલોજીના વિકાસ સાથે બચતકારો માટે વિવિધ રોકાણ સાધનોમાં નાણાં રોકવાનું હાલમા સરળ બની ગયું છે. દેશની દરેક કમર્સિઅલ બેન્કોનો મળીને કરન્ટ એકાઉન્ટ સેવિંગ એકાઉન્ટ (કાસા) રેશિઓનું પ્રમાણ જે માર્ચ ૨૦૨૨ના ૪૫.૨૦ ટકા હતું તે સપ્ટેમ્બર ૨૦૨૩ના સમાપ્ત થયેલા ૧૮ મહિનાના અંતે પાંચ ટકા જેટલું ઘટી ૪૦.૫૦ ટકા પર આવી ગયું હતું.કાસા રેશિઓ ઘટવાનું એક કારણ ફિક્સ્ડ ડિપોઝિટસના દરમાં વધારો પણ રહેલું છે. પરંતુ બચતકારો ખાસ કરીને શહેરી વિસ્તારના બચતકારો મુદતી થાપણોને બદલે ઈક્વિટીઝ જેવા રોકાણ સાધનો તરફ પણ વળ્યા છે. ડિજિટાઈઝેશનને પરિણામે, બચતકારો માટે વધુને વધુ રોકાણ સાધનો અંગે જાણકારી મેળવવાનું આસાન બન્યું છે, જેની અસર મુદતી થાપણોમાં ઘટાડાના સ્વરૂપમાં પડી છે. વર્તમાન વર્ષના જાન્યુઆરીમાં ઈક્વિટી મ્યુચ્યુઅલ ફન્ડસમાં રૂપિયા ૨૧૭૮૧ કરોડ સાથે ઈન્ફલોઝ ૨૨ મહિનાની ટોચે રહ્યો હતો. જાન્યુઆરીમાં સતત ૩૫માં મહિને નેટ ઈન્ફલોઝ જોવા મળ્યો હોવાનું એસોસિએશન ઓફ મ્યુચ્યુઅલ ફન્ડસ ઈન ઈન્ડિયા (એમ્ફી)ના સુત્રોએ તાજેતરમાં જણાવ્યું હતું. દેશના મ્યુચ્યુઅલ ફન્ડ ઉદ્યોગની એસેટ અન્ડર મેનેજમેન્ટ પણ વધી રૂપિયા ૫૨.૭૦ લાખ કરોડને પાર કરી ગઈ છે.

## પત્રાવળી-૩૪




પત્રાવળીના સહપંથીઓ.

આજે પત્રાવળીની સફર શરૂ થયે ૩૩ અઠવાડિયા પસાર થઈ ગયા અને મઝાની વાત એ છે કે આ સફરમાં સહપંથીઓ જોડાતા ગયા ત્યારે મજરુહ સુલતાનપુરીના શબ્દો થોડા શાબ્દિક ફેરફાર સાથે યાદ આવે છે.

''હમ ચાર હી ચલે થે જાનિબે મંઝિલ મગર, લોગ સાથ આતે હી ગયે, કારવાં બનતા ગયા''પ અને આમ પણ આ તો એક સંવાદિતાના સૂરે જોડાયેલા સહપંથી આદરેલી સફર છે ને?

દેવિકાબહેન, તમે આજે જે સંવાદની વાત કરી છે એ સંવાદ જ તો આપણી પાસેની એક વિશિષ્ટ શક્તિ છે જેના દ્વારા આપણે આપણી લાગણીને વાચા આપી શકીએ છીએ. એકમેક સાથે સંકળાયેલા રહીએ છીએ. ક્યારેક મૌન તો ક્યારેક સંવાદપએ બંને વચ્ચે સમતોલન રાખીને આપણા સંબંધો સાચવી લઈએ છીએ ને?

ક્યારેક એવું પણ બનતું હોય કે આપણે માત્ર આપણી સાથે જ રહેવા માંગીએ છીએ પણ મોટા ભાગે આપણે આપણા સારા-ખોટા અવસરે કોઈકને શોધીએ જ છીએ જે આપણી લાગણીનો પડઘો આપે. ક્યારેક એવું બને કે આપાણા જીવનનો સૌથી મહત્વનો, સૌથી રાજીપાનો અવસર હોય ત્યારે પણ એ સુંદર-મંગળ ક્ષણ આપણે એકલા હોઈએ તો ક્યાં માણી શકીએ છીએ? એવી ક્ષણોને આપણે સૌ સાથે વહેંચીને માણીએ તો એની સુંદરતા અનેક ઘણી વધી જાય છે ને? માણસને વહેંચાવું ગમે જ છે. ભીતરથી એકલતા અનુભવતો માણસ કયારે એ એકલતાનો આઈસ બ્રેક થાય એવી રાહ તો જોતો જ હોય છે. એ રાહ જુએ છે કોઈનીપ.કોઈ એને કંઈક પૂછે એની.

ઘણીબધી લાગણીઓ આંખ કે ચહેરા દ્વારા સામેની વ્યક્તિને સ્પર્શે છે પણ જ્યારે એને આપણે શાબ્દિક વ્યક્ત કરીએ છીએ ત્યારે આપણા અવાજના આરોહ-અવરોહથી પ્રગટ થતી અભિવ્યક્તિ કે એનો સૂર વધુ પ્રબળ નથી લાગતો?

દેવિકાબહેને કહ્યું એમ સંવાદ એક હૃદયને બીજા હૃદય સાથે જોડતો સેતુ છે. આપણી મનની વાત અન્ય સુધી પહોંચાડવાનું માધ્યમ છે. આજે એ અંગે એક નાનકડી વાત યાદ આવે છે.

જ્હોનાથન પેટીટ નામથી તો આપણે સૌ સાવ અજાણ્યા છીએ. એ નામ આજ સુધી આપણા કાને પડ્યું પણ નહીં હોય ! શક્ય છે ભવિષ્યમાં પણ નહીં પડે, પરંતુ એમણે એમના જીવનની એક એવી મર્મસ્પર્શી વાતનો ઉલ્લેખ કર્યો હતો એ આજે યાદ આવી. એ કહે છે કે જ્યારે તેઓ દસ વર્ષની ઉંમરના હતા ત્યારે એમની માતાએ બનાવેલું અત્યંત ટેસ્ટી ખાવાનું મઝાથી ખાધું. ત્યાર બાદ એ એમની પ્લેટ સાફ કરતાં હતાં ત્યાં એમના માતાએ આવીને કહ્યું, ''સોરી દીકરા, આજે પણ ખાવાનું અત્યંત ખરાબ હતું નહીં?'' જ્હોનાથને આશ્ચર્ય અને આઘાત પામતાં માને કહ્યુ, '' ના, ખાવાનું અત્યંત સ્વાદિષ્ટ હતું. મને ખરેખર ખૂબ ભાવ્યું.''

''ખરેખર? હવે આશ્ચર્ય પામવાનો વારો એમની માતાનો હતો. ''તું કાયમ કશું જ બોલ્યા વગર ચૂપચાપ ખાય છે. ક્યારેય કશું કહેતો નથી, મારું બનાવેલું ખાવાનું તને ભાવે છે એવું ક્યારેય તેં મને જણાવ્યું નથી એટલે મેં ધારી લીધું કે તને મારું બનાવેલું ખાવાનું નહીં ભાવતું હોય.''''ના મા, તું તો ખરેખર શ્રેષ્ઠ કૂક છે.''

''તો તારે મને ક્યારેક તો જણાવવું જોઈતું હતું.'' મા એ જવાબ આપ્યો. જ્યારે તમારા મનમાં શું છે એ જણાવો નહીં ત્યાં સુધી એ અવ્યક્ત લાગણીનો શું અર્થ?

વાત આમ છે. આપણે લાગણીઓથી ભલે છલોછલ હોઈએ પણ એ લાગણી જ્યાં સુધી વ્યકત નથી થતી ત્યાં સુધી એ વ્યર્થ છે. સંવાદ એ સેતુ છે જેના થકી આપણે અન્ય સુધી પહોંચી શકીએ છીએ. પ્રેમ ગમે તેટલો કરતા હોઈએ પણ એ પ્રેમ જ્યાં સુધી શબ્દોનું સ્વરૂપ ધારણ ન કરે ત્યાં સુધી અધૂરો જ લાગવાનો. પ્રીતમની લાગણીઓ પ્રિયા એની આંખોમાં જોઈ શકે છે પણ વાણીમાં વ્યક્ત ન થાય ત્યાં સુધી એને સંતોષ ક્યાં થવાનો ?

દેવિકાબહેને એમના પત્રમાં કહ્યું કે, એમના ગયા પત્રથી શરૂ થયેલ મૌનની વાત, પર્વતોની હારમાળા પર પડતા પડઘાની જેમ વિવિધ રીતે ઝીલાઈ. કેવી સરસ વાત! મૌન પણ પડઘાની જેમ ઝિલાયપ. આપણે હંમેશા ઈચ્છીએ જ છીએ કે વાત આગળ વધે. આપણે અનેક જગ્યાએ ગયા છીએ અને જોયા છીષ્ઠર્ હં ઈકો પૉઈન્ટપ.આપણે પણ ત્યાં ઊભા રહીને આપણું અથવા સૌથી વહાલી વ્યક્તિનું નામ બોલીએ છીએ અને ચારેબાજુથી એનો ધ્વનિ પડઘાય છે. આપણા જ અવાજના આરોહ અવરોહ એમ યથાવત સાંભળીને કેવા ખુશ થઈ જઈએ છીએ !

બે વ્યક્તિ સાવ સામસામે જોઈને કેટલી વાર બેસી શકે? વાત આગળ વધશે વાતચીતથી ને? ક્યારેક એવું બને કે મનથી આપણે ઈચ્છીએ કે કોઈ કશું પૂછે અને જવાબમાં આપણે છલકાઈ જઈએ. મનનો ઊભરો ઠાલવી દઈએ. ગીતા રચાઈ કૃષ્ણ-અર્જુનના સંવાદોથી. અર્જુને પોતાના મનની વ્યથા વ્યક્ત જ ન કરી હોત તો અંતર્યામી હોવા છતાં શ્રી કૃષ્ણે સંવાદ આદર્યો હોત?

સંવાદ ત્યાં સુધી આવકાર્ય છે જ્યાં સુધી એ વિવાદનું સ્વરૂપ ન ધારણ કરે. વાત સાચીને ?

રાજુલ કૌશિક

## મોડાસા ખાતે માલપુર અને મેઘરજના દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે સાધન સહાય વિતરણ કેમ્પ યોજાયો



અરવલ્લીના મોડાસા બીઆરસી ભવન ખાતે સમગ્ર શિક્ષા આઈ ડી વિભાગ દ્વારા જિલ્લા પ્રોજેક્ટ કોઓર્ડીનેટર નિલેશ દવેના માર્ગદર્શન હેઠળ માલપુર અને મેઘરજના ધોરણ ૧ થી ૧૨ માં શાળામાં અભ્યાસ કરતા દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે સાધન સહાય વિતરણ કેમ્પ યોજાયો ત્રણ તાલુકાના મળીને કુલ ૩૫૦ જેટલા દિવ્યાંગ વિદ્યાર્થીઓએ અલગ અલગ સાધન સહાય પ્રાપ્ત કર્યા જેમાં દિવ્યાંગ વિદ્યાર્થીઓ સાધન સહાયથી વંચિત હોય તેવા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને વહીલ ચેર, વોકર, ક્રચીસ અને શ્રવણ યંત્રો અને પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓને માટે વાઈટ કેન બ્રેઈલ પાટી જેવા સાધનો એલિમકો કાનપુર ના નિષ્ણાત તજજ્ઞો દ્વારા પૂરા પાડવામાં આવ્યા. સાધન સાહેબ પ્રાપ્ત થયા ની ખુશી દિવ્યાંગ વ્યક્તિઓમાં જોવા મળી શાળા શિક્ષણમાં સાધન સહાય મેળવ્યા બાદ વિદ્યાર્થી વધુ સારી રીતે શિક્ષણ પ્રાપ્ત કરે તેવા વિચાર સાથે હવે દિવ્યાંગ વિદ્યાર્થીઓ સરળતાથી શાળા સુધી પહોંચશે સરળતાથી વર્ગ શિક્ષણ પ્રાપ્ત કરશે અને સામાન્ય વિદ્યાર્થીઓની જેમ દિવ્યાંગ વિદ્યાર્થી પણ સફળતાથી શિક્ષણ પ્રાપ્ત કરી શકશે આ કાર્યક્રમમાં અરવલ્લી જિલ્લાના સામાજિક અગ્રણી નિલેશ જોશી અને શિક્ષણવિદ ડોક્ટર બ્રિજેશચંદ્ર રાવ દ્વારા સાધન સહાય વિતરણ કરવા માં આવ્યું.

## દેશના નાગરિકોનું સુપોષણ અને સુસ્વાસ્થ્ય સુનિશ્ચિત કરવા પ્રવર્તમાન કૃષિ પદ્ધતિઓ સુધારવાનું દાયિત્વ કૃષિ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓનું છે : રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત







આણંદ કૃષિ યુનિવર્સિટીનો ૨૦મો પદવીદાન સમારોહ રાજયપાલ અને આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલાધિપતિ શ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. પદવીદાન સમારોહમાં આણંદ કૃષિ યુનિવર્સિટીના કૃષિ, બાગાયત, ફુડ પ્રોસેસિંગ ટેકનોલોજી અને બાયોએનર્જી, કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી, એગ્રીકલ્ચરલ ઈન્ફોર્મેશન ટેકનોલોજી અને ઈન્ટરનેશનલ એગ્રી. બિઝનેસ મેનેજમેન્ટ વિદ્યાશાખાના સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના ૫૭૮ વિદ્યાર્થીઓને પદવી તથા ૪૧ તેજસ્વી વિદ્યાર્થીઓને કુલ ૮૨ સુવર્ણચંદ્રકો, ચંદ્રકો તેમજ રોકડ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા. રાજયપાલશ્રી દ્વારા કૃષિ યુનિવર્સિટીના સંશોધન, શિક્ષણ અને વિસ્તરણ ક્ષેત્રે કામ કરતા વૈજ્ઞાનિકોને એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.આણંદ કૃષિ યુનિવર્સિટીના પદવીદાન સમારોહમાં રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું કે, આપના અને આપના માતા-પિતાના અથાગ પરિશ્રમથી પ્રાપ્ત થયેલ આ ડિગ્રી દ્વારા આપના ક્ષેત્રમાં ઉત્તમ કાર્યો કરી રાષ્ટ્રની સેવા કરવા હવે આપ તૈયાર થયા છો. રાજયપાલશ્રીએ સમાજમાં વિદ્યાર્થીઓને તેઓની ભૂમિકા સમજાવતા કહ્યું કે, દેશના લોકોનું ઉત્તમ પોષણ અને ઉત્તમ સ્વાસ્થ્ય સુનિશ્ચિત કરવા પ્રવર્તમાન કૃષિ પદ્ધતિઓ સુધારવાનું દાયિત્વ કૃષિ યુનિવર્સિટીના યુવાનોનું છે.

આજથી ૬૦ વર્ષ પહેલાં દેશમાં આવેલ હરિત ક્રાંતિને યાદ કરતાં રાજયપાલશ્રીએ વિદ્યાર્થીઓને જણાવ્યું કે, તે સમયે દેશની જરૂરિયાત પ્રમાણે ડૉ. સ્વામિનાથન અને ડૉ. મૈનેએ આ ક્રાંતિઓ પ્રદાન કરી હતી. પરંતુ આજે દેશની જમીન અને આબોહવાની સ્થિતિ કંઈક અલગ છે. યુરિયા અને ડીએપી આધારિત ખેતીના અતિક્રમણના કારણે જમીનમાં અને તેના કારણે દેશવાસીઓના સ્વાસ્થ્ય પર જે આડઅસર થઈ રહી છે તેમાં સુધારા લાવવાના પ્રયત્નોમાં યોગદાન આપવું એ આપની જીવનભાવના હોવી જોઈએ. જ્યારે આણંદ કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો દ્વારા વાર્ષિક ૨૫,૦૦૦ કરતાં વધુ ખેડૂતોને તાલીમ આપવામાં આવે છે ત્યારે યુનિવર્સિટીની અને તેના વિદ્યાર્થીઓની જવાબદારી વધી જાય છે. પ્રાકૃતિક કૃષિનું મહત્વ સમજાવતાં પોતાના ઉદબોધન અને માર્ગદર્શક વીડિયો થકી રાજયપાલશ્રીએ આણંદ કૃષિ યુનિવર્સિટીથી વિવિધ પદવી મેળવી સમાજમાં પોતાનું યોગદાન આપવા કટિબદ્ધ થયેલા યુવાનોને પ્રાકૃતિક ખેતીની વાત અને તેના લાભ સમજી જનજન સુધી પહોચાડવા અપીલ કરી હતી.રાજયપાલશ્રીએ દેશની અવિરત પ્રગતિ માટે ચારિત્ર્યવાન યુવા પેઢીના ઘડતરની જરૂરિઆત પર ભાર મૂકતાં જણાવ્યું હતું કે, ચારિત્ર્યવાન યુવા પેઢી રાષ્ટ્ર અને સમાજનું નિર્માણ કરે છે.

## સમગ્ર ભારતની વિવિધ રાજ્યોની ભાતીગળ ચંદ સંસ્કૃતિના દર્શન કરાવતો વસંતોત્સવ ૨૦૨૪નું સુંદર સમાપન થયું




ગાંધીનગરના નગરજનો માટે તહેવારની સંખ્યામાં બે મોટા તહેવારોનો ઉમેરો થઈ ગયો છે. નવરાત્રિના સપ્તાહ બાદ વાઈબ્રન્ટ ગુજરાત આવે છે અને ત્યારબાદ વસંતોત્સવ. વર્ષોથી ગુજરાત સરકારની યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા પ્રતિવર્ષ ફેબ્રુઆરી માસમાં દસ દિવસ માટે વસંતોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવે છે, જેમાં દેશભરના વિવિધ રાજ્યોની સંસ્કૃતિ, પરંપરા અને લોકજીવન દર્શાવતા લોકનૃત્યો તથા લોકસંગીત રજૂ કરવામાં આવે છે. વિવિધ રાજયની હસ્તકલાના સ્ટોર પણ સરકારની સહાયથી મૂકવામાં આવે છે જેમાં વિવિધ રાજ્યોના કારીગરો દ્વારા તૈયાર કરવામાં આવેલી હસ્તકલાની ગૃહ વપરાશની તેમજ ગૃહ સુશોભનની વસ્તુઓ વ્યાજબી ભાવે વેચાણ કરવામાં આવે છે, જેનો નગરજનોને લાભ મળી રહે છે. ચાલુ વર્ષે વસંતોત્સવમાં વિભાગ દ્વારા આયોજનમાં ફેરફાર કરવામાં આવ્યા હતા. પ્રવેશદ્વાર એલઈડી થી બનાવવામાં આવ્યો હતો. પ્રવેશદ્વારનો વિભાગ લાઈટિંગ થી સુંદર સજાવવામાં આવ્યો હતો. પ્રવેશદ્વાર બાદ તુંરત જ મોટી એલઈડી સ્ક્રીન સાથે મંચ બનાવેલ હતો જેમાં રાજસ્થાની ગુજરાતી કલાકારો દ્વારા લોક સંગીત રજૂ કરવામાં આવતું હતું. વિવિધ સ્થળોએ મૂકવામાં આવેલા એલઈડી પર લોકનૃત્યનું જીવંત પ્રસારણ દર્શાવતું જેથી નગરજનો સ્ટોલની મુલાકાત લેતા લેતા પણ કાર્યક્રમ માણી શકતા હતા. ફૈં માટે ખૂબ સારી વ્યવસ્થા હતી. નગરજનો થોડા દૂર હતા. પ્રેસ ફોટોગ્રાફરને પણ એન્ટ્રી નહોતી પરંતુ તે વ્યવસ્થાનો એક ભાગ હશે તેમ માનવું રહ્યું એજન્સી દ્વારા બ્લેક કમાન્ડો ખૂબ જ શિસ્ત બુદ્ધ નિયમોનું પાલન કરી રહ્યા હતા આ બધાની વચ્ચે સમગ્ર મેળામાં વિવિધ વેશભૂષા ધારણ કરેલા પાત્રો બાળકો માટે ફોટા પડાવવા અને યુવાનો માટે સેલ્ફી લેવાનું આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. વિવિધ સ્ટોલમાં મહિલાઓ માટેના શણગાર વધુ જોવામાં આવ્યો એકંદરે વસંતોત્સવ ૨૦૨૪ નગરજનોએ ભરપૂર માણ્યો જેનું આજરોજ તારીખ ૨૩/૦૨/૨૦૨૪ ના રોજ સમાપન થયું. ચાલો અગલે બરસ તું જલ્દી આ......વિવિધ નવા લોકકૃત્યો સાથે આવતે વર્ષે વસંતોત્સવ ૨૦૨૫ માણીશું.

## ચણાના પાકમાં સૂકારા, મૂળખાઈ અને સ્ટંટ વાયરસને નિવારવા રાજ્ય સરકારે જાહેર કર્યા રોગ નિયંત્રણ માટેના પગલાં

રાજયના ખેડૂતો તેમની ઉપજના સારા ભાવ મેળવી શકે તે માટે રાજય સરકાર સતત પ્રયત્નશીલ છે. હાલ રાજયના કેટલાંક વિસ્તારોમાં ચણાના પાકમાં સૂકારા, મૂળખાઈ અને સ્ટંટ વાયરસ જેવા રોગ જોવા મળતા, તે અંગે ખેડૂતોને જાગૃત કરવા તેમજ પાકને આ રોગોથી બચાવવા માટે રાજ્ય સરકાર દ્વારા નિયંત્રણ માટેના પગલાઓ જાહેર કરવામાં આવ્યા છે, તેમ ખેતી નિયામકની યાદીમાં જણાવાયું છે. વધુમાં જણાવ્યા અનુસાર, સૂકારા, મૂળખાઈ અને સ્ટંટ વાયરસને અસરકારક રીતે નિવારવા માટે અસરગ્રસ્ત છોડ પર કાર્બેન્ડાઝીમ ૧ ગ્રામ પ્રતિ લિટર દ્રાવણનો છંટકાવ કરવો જોઈએ. આ ઉપરાંત પી. ફ્લોરોસેન્સ અથવા ટી. વિરીડી ૨.૫ કિગ્રા પ્રતિ હેકટર ૫૦ કિગ્રા ખાતર સાથે અસરગ્રસ્ત છોડની ઉપર છંટકાવ કરવાથી આ રોગ નિયંત્રણમાં આવે છે.

સ્ટંટ વાયરસ રોગ વિષાણુંથી થાય છે, અને મોલો મશી નામની ચૂસિયા જીવાતથી ફેલાય છે. તેના નિયંત્રણ માટે મિથાઈલ-ઓ-ડીમેટોન ૧૨ મિ.લિ. અથવા ડાયમીથોએટ ૧૦ મિ.લિ. જેવાં



શોષક પ્રકારની કીટનાશકને ૧૦ લિટર પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવાથી વાયરસ નિયંત્રણમાં આવે છે.

સુકારા રોગના નિયંત્રણ માટે ટ્રાઈકોડર્મા વીરીડી ૨.૫ કિ.ગ્રા.ને ૨૫૦ કિ.ગ્રા. એરંડીનો ખોળ અથવા છાણિયા ખાતરમાં ભેળવી વાવણી વખતે ચાસમાં આપવાથી રોગ નિયંત્રણમાં આવે છે. ચણાના પાકમાં સુકારો અને મૂળખાઈ રોગના નિયંત્રણ માટે ટ્રાઈકોડમાં વીરીડી અથવા ટ્રાઈકોડમાં હરજીએનમ (૨૧૦★ સીએફયુ/ગ્રામ) સંવર્ધિત છાણિયા ખાતરને ૧ ટન પ્રતિ હેકટર પ્રમાણે વાવણી વખતે ચાસમાં આપવાની ભલામણ કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ચણાના પાકમાં થતા આ રોગ જમીનજન્ય અને બીજજન્ય ફૂગથી થાય છે. આ રોગમાં વાવણી બાદ ત્રણ અઠવાડિયા પછી ધરૂ અવસ્થામાં છોડ સૂકાઈને જમીન પર ઢળી પડે છે. પાછોતરો સુકારો પાકની ૩૦ થી ૩૫ દિવસની અવસ્થાથી માંડી ચણાના પોપટા પાકે ત્યાં સુધી જોવા મળે છે, જેના કારણે પાન પીળા પડે છે અને ધીરે ધીરે આખો છોડ સૂકાઈ જાય છે.

Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001

તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું